# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1) S.I.R. મુદ્દે ઘર્ષણ યથાવત્ રહેતા સંસદના બંને ગૃહની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત
2) સંસદે મણિપુર વસ્તુ અને સેવા કર દ્વિતીય સુધારા ખરડો 2025 પસાર કર્યો
3) કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું, લોકસભામાં આઠ તારીખે રાષ્ટ્રગીત "વંદે માતરમ્"ની રચનાના દોઢ સો વર્ષ પૂર્ણ થવા અંગે વિશેષ ચર્ચા કરાશે
4) કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું, દેશના દરેક નાગરિકની ડિજિટલ સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા
5) **ઉત્તરપ્રદેશના વારણસીમાં ચોથા કાશી તમિલ સંગમમ-નો આજથી પ્રારંભ**
6) અમદાવાદમાં રમાયેલી સૈયદ મુસ્તાક અલી ટી-20 ક્રિકેટમાં ઝારખંડ સામે સૌરાષ્ટ્રનો પરાજય.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV EVE LS ADJOURN

મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. મુદ્દા પર ઘર્ષણ યથાવત્ રહેતા સંસદના બંને ગૃહની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી છે. S.I.R. અંગે ચર્ચાની વિરોધ પક્ષની માગ બાદ લોકસભાની કાર્યવાહી બે વાગ્યા સુધી અને પછી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી.

લોકસભાની કાર્યવાહી બે વાગ્યે શરૂ થતાં વિરોધ પક્ષના સભ્યો ફરી ગૃહની વચ્ચે આવી ગયા અને S.I.R. વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. દરમિયાન પીઠાસીન અધિકારીએ ગૃહ ચલાવવાનો પ્રયાસ કર્યો અને વિરોધ કરનારા સભ્યોને ગૃહ ચાલવા દેવા આગ્રહ કર્યો. વારંવાર અપીલ બાદ પણ વિરોધ ચાલુ રહેતા ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી.

રાજ્યસભામાં જ્યારે પહેલી વાર સ્થગિત થયા બાદ બપોરે 2 વાગ્યે ગૃહની કાર્યવાહી શરૂ થઈ તો સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ ફરી કહ્યું , વિરોધ પક્ષના દળોની માગ મુજબ, સરકાર ચૂંટણીલક્ષી સુધારાઓ માટે તૈયાર છે.

(BYTE: KIREN RIJIJU)

. . . . . . . . . . . . .

# CENTRE ALLOCATION TO PUNJAB

કેન્દ્ર સરકારે પ્રાકૃતિક આપત્તિને પહોંચી વળવા રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી પંજાબ માટે 240 કરોડ 80 લાખ રૂપિયા જાહેર કર્યા છે. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે આજે લોકસભામાં લેખિત જવાબમાં આ અંગે માહિતી આપતા કહ્યું, વર્તમાન નાણાકીય વર્ષ 2025-26માં પંજાબ માટે 642 કરોડ 40 લાખ રૂપિયા ફાળવ્યા છે. તેમણે કહ્યું , કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર માટે 480 કરોડ રૂપિયાથી વધુની રકમ બે હપ્તામાં પહેલા જ જાહેર કરી દીધી છે.

. . . . . . . . . . . . .

# RS MANIPUR BILL

સંસદે મણિપુર વસ્તુ અને સેવા કર દ્વિતીય સુધારા ખરડો 2025 પસાર કર્યો. નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ આજે ગૃહમાં રજૂ કરેલો આ ખરડો મણિપુર વસ્તુ અને સેવા કર અધિનિયમ 2017માં સુધારા માટે લવાયો છે. તેનો ઉદ્દેશ નવા વસ્તુ અને સેવા કર – GST દરને લાગૂ કરવાનો પણ છે.

વર્તમાન GST દરને પાંચ અને 18 ટકા એમ બે માળખામાં રજૂ કરવાની યોજનામાં પણ સામેલ છે. કેન્દ્ર અને રાજ્યોની 56-મી GST પરિષદે પાંચ, 12, 18 અને 28 ટકાના માળખાને સંયુક્ત કરીને પાંચ અને 18 ટકામાં પરિવર્તિત કરી દીધું. 375 વસ્તુઓ પર GST દરને ઘટાડવાનો નિર્ણય કરાયો હતો.

લોકસભાએ પહેલા જ આ ખરડો પસાર કર્યો છે. કેન્દ્રીય નાણામંત્રી સીતારમણે એક પ્રશ્નના જવાબમાં કહ્યું , આ ખરડો મણિપુરમાં વેપાર સરળ બનાવશે અને બિનજરૂરી વિવાદથી બચાવશે. તેમણે કહ્યું , આ ખરડાથી વ્યવસાયોની સાથે સાથે ઉદ્યમોને પણ લાભ થશે.

. . . . . . . . . . . . .

# RS SOLAR PANELS

સરકારે જણાવ્યું, 91 હજારથી વધુ સરકારી ભવનની છત પર એક હજાર 800 મેગાવૉટથી વધુ ક્ષમતાવાળી સોલાર પૅનલ લગાવાઈ છે. નવી અને નવિનીકરણીય ઊર્જા રાજ્યમંત્રી શ્રીપદ યેસો નાઈકે આજે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી.

તેમણે કહ્યું, તમામ કેન્દ્રીય મંત્રાલય અને વિભાગોને અનુરોધ કરાયો છે કે , તેઓ પોતાની તમામ ઈમારતો પર રૂફટૉપ અને સંયંત્ર લગાવવા માટે આવશ્યક નિર્દેશ જાહેર કરે. ટૅક્નિકલ રીતે શક્ય તમામ સરકારી ભવનોને સોલાર ઊર્જાથી યુક્ત કરાવવાના ઉદ્દેશ માટેની આ પહેલ પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાનો ભાગ છે.

. . . . . . . . . . . . .

# RIJIJU BRIEFING

લોકસભામાં આ મહિનાની આઠ તારીખે રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્ "ની રચનાના દોઢ સો વર્ષ પૂર્ણ થવા અંગે વિશેષ ચર્ચા કરાશે. જ્યારે ગૃહમાં નવ ડિસેમ્બરે ચૂંટણી સુધારા અંગે ચર્ચા થશે. સંસદ ભવનમાં આજે સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ પત્રકારોને જણાવ્યું , આજે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠકમાં આ નિર્ણય લેવાયો. તેમણે કહ્યું , બંને ચર્ચા પૂર્ણ થયા પછી સરકાર રાજ્યસભામાં પણ ચર્ચા માટેન પ્રસ્તાવ રાખશે.

(BYTE: KIREN RIJIJU) DISCUSSION

શ્રી રિજિજૂએ કહ્યું , ચૂંટણી સુધારા એ મોટો મુદ્દો છે , જે સરકાર કરે છે અને સંસદમાં તેની પર ચર્ચા થાય છે. તેમણે કહ્યું , ચૂંટણી પંચ અને S.I.R. વહીવટી મામલો છે, જે ચૂંટણી પંચે નક્કી કર્યો હતો. આ મામલો સર્વસંમતિથી ઉકેલાઈ ગયો છે અને ચર્ચા માટેનો સમય અને તારીખ નક્કી કરવામાં આવી છે. તેથી સરકારને ખૂબ જ રચનાત્મક અને સાર્થક ચર્ચાની આશા છે.

. . . . . . . . . . . . .

# LS PM KISAN

કેન્દ્ર સરકારે પીએમ કિસાન યોજનાની શરૂઆતથી અત્યાર સુધી 21 હપ્તાના માધ્યમથી ચાર લાખ કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કર્યું છે. વર્ષ 2019માં ખેતી યોગ્ય જમીન ધરાવતા ખેડૂતોની નાણાકીય જરૂરિયાતને પૂરી કરવા શરૂ કરાયેલી આ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે.

આ યોજના અંતર્ગત દર વર્ષે છ હજાર રૂપિયાનો નાણાકીય લાભ ત્રણ સમાન હપ્તામાં હસ્તાંતરિત કરાય છે. કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે લોકસભામાં લેખિત જવાબ આપતા કહ્યું , આ એક ખેડૂત કેન્દ્રીત ડિજિટલ માળખાગત પાયો છે. તેનાથી એ સુનિશ્ચિત કરાયું કે, આ યોજનાનો લાભ કોઈ પણ વચેટિયાની ભાગીદારીના દેશભરના તમામ ખેડૂતો સુધી પહોંચે.

તેમણે કહ્યું , તાજેતરમાં આ વર્ષે નવેમ્બરમાં દેશભરના નવ કરોડથી વધુ ખેડૂતોને પીએમ કિસાન યોજનાનો 21-મો હપ્તો જાહેર કરાયો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# SANCHAR SATHI APP

કેન્દ્રીય દૂરસંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું , સંચાર સાથી એપ સંપૂર્ણ રીતે લોકતાંત્રિક છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંધિયાએ કહ્યું , દેશના દરેક નાગરિકની ડિજિટલ સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમણે કહ્યું , સંચાર સાથી એપ અને પૉર્ટલ છે , જે નાગરિકોને પારદર્શક અને ઉપકરણોના માધ્યમથી પોતાને સલામત રાખવામાં સક્ષમ બનાવે છે.

ઉપયોગકર્તા પોતાની સુવિધા મુજબ , એપને ડાઉનલૉડ કરી તેનો લાભ લઈ શકે છે અને તેઓ કોઈ પણ સમયે પોતાના ફોનથી આ એપ પણ હટાવી પણ શકે છે.

(BYTE - JYOTIRADITYA SCINDIA)

. . . . . . . . . . . . .

# GUJARAT RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું , લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ દરેક રાજનેતા માટે પ્રેરણાસ્ત્રોત છે. ગુજરાતમાં વડોદરાના સાદલી ગામમાં સરદાર ગાથા કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું , જ્યારે રાજકીટ નેતૃત્વ લોકો વચ્ચે પોતાની વિશ્વસનીયતા ગુમાવી રહ્યું હતું. ત્યારે વર્તમાન સરકારે આ પડકાર સ્વીકાર્યો અને સરદાર પટેલના મૂલ્યોનું પાલન કરીને લોકોનો વિશ્વાસ સફળતાપૂર્વક ફરી પ્રાપ્ત કર્યો.

. . . . . . . . . . . . .

# PM TAMIL SANGAMAM

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે વારાણસીમાં ચોથા કાશી તમિલ સંગમમ-નો પ્રારંભ કરાવ્યો. તમિળનાડુના એક હજાર 400થી વધુ પ્રતિનિધિ આ આયોજનમાં ભાગ લઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ અને અન્ય સહભાગીઓનું પહેલું સમૂહ કન્યાકુમારીથી આજે સવારે કાશી પહોંચ્યું, જ્યાં સમૂહ તમિલ કરકલમ – તમિળ શીખોની વિષયવસ્તુ સાથેના આ આયોજનમાં સામેલ થયું. આ સહભાગીઓએ બાબા વિશ્વનાથના દર્શન કર્યા અને મંદિરની ઐતિહાસિક વાસ્તુકળાને નિહાળી. બાદમાં તેમણે BHU-માં શૈક્ષણિક સત્રમાં પણ ભાગ લીધો.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગને નમો ઘાટ પર કાશી તમિલ સંગમમ સાથે સંબંધિત ચિત્રોની પ્રદર્શનીનું પણ ઉદ્ઘાટન કર્યું. આ આયોજન 15 ડિસેમ્બર સુધી ચાલશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , આ કાર્યક્રમ એક ભારત , શ્રેષ્ઠ ભારતની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ કાશીના લોકોના યાદગાર પ્રવાસની પણ પ્રાર્થના કરી.

. . . . . . . . . . . . .

# US AND UK PHARMA DEAL

અમેરિકા અને બ્રિટને ગઈકાલે અમેરિકાને નિકાસ માટેની બ્રિટનની તમામ દવાઓ પર ત્રણ વર્ષ સુધી ટૅરિફ એટલે કે વેરો ન લેવાની જાહેરાત કરી છે. બદલામાં બ્રિટન નવી દવાઓ પર વધુ ખર્ચ કરશે.

આ સમજૂતી અંતર્ગત અમેરિકાએ બ્રિટનમાં બનેલી દવાઓ , દવા સામગ્રી અને ચિકિત્સા ટૅક્નોલૉજીને આયાત કરમાંથી મુક્તિ આપી છે. બદલામાં બ્રિટનની દવા કંપનીઓ અમેરિકામાં વધુ રોકાણ અને રોજગારનું સર્જન કરશે.

. . . . . . . . . . . . .

# SYED MUSHQ ALI TROPHYY

ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી ટ્રોફી એલિટ ટી-20 મેચમાં ઝારખંડ સામેની મેચમાં સૌરાષ્ટ્રની ટીમનો પરાજય થયો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ઝારખંડની ટીમે ટૉસ જીતીને પહેલા બેટિંગ કરી નિર્ધારિત 20 ઑવરમાં આઠ વિકેટે 209 રન બનાવ્યા. ટીમ તરફથી સૌથી વધુ 93 રન સુકાની ઈશાન કિશને કરતાં તેમને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયા હતા.

જવાબમાં સૌરાષ્ટ્રની ટીમ 15 ઑવર એક બૉલમાં 125 રન પર ઑલઆઉટ થઈ ગઈ. ટીમ તરફથી સૌથી વધુ 39 રન પ્રેરક માંકડે કર્યા હતા. સૌરાષ્ટ્ર તરફથી ચેતન સાકરિયા અને ઝારખંડ તરફથી અનુકૂળ રોયે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

. . . . . . . . . . . . .